# અનંત આશીર્વાદોનો સમય
## ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિ

### ઈશા સરદેસાઈ દ્વારા લિખિત વ્યાખ્યા

સિદ્ધયોગ પથ પર ઑગસ્ટ મહિનાના મારા પરિચય-પત્રમાં મેં જણાવ્યું હતું કે શ્રીગુરુમાઈએ આ મહિનાના કેન્દ્રણના રૂપે ધ્યાન અને મંત્રજપના અભ્યાસો આપ્યા છે. એટલા માટે, આપણે જોઈ શકીએ છીએ કે આ કેન્દ્રણ અને ઑગસ્ટ મહિનામાં આવનારો સિદ્ધયોગનો દરેક મહોત્સવ, પરસ્પર કેવી રીતે જોડાયેલાં છે.

આ મહોત્સવોમાં સૌથી પહેલાં આવે છે, ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિ. સૌરતિથિ અનુસાર, બડે બાબાની પુણ્યતિથિ ૮ ઑગસ્ટે છે, જ્યારે ચાંદ્રતિથિ અનુસાર તેના એક દિવસ પછી, ૯ ઑગસ્ટે (ભારતમાં ૧૦ ઑગસ્ટે) છે. જેમકે મેં પરિચય-પત્રમાં જણાવ્યું હતું કે બડે બાબાની પુણ્યતિથિ એ તેમના નિર્વાણદિનનો વાર્ષિક ઉત્સવ છે, એટલે કે વર્ષ ૧૯૬૧ના એ દિવસનો જ્યારે તેઓ પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરીને પરમ ચેતનામાં વિલીન થઈ ગયા હતા. 'વિવેકચૂડામણિ' નામક ગ્રંથમાં આદિ શંકરાચાર્યજી એક ઉપમા આપે છે જે આપણને એ વાત વધારે સારી રીતે સમજવામાં મદદ કરી શકે છે કે એક આત્મસાક્ષાત્કારી મહાત્મા દેહત્યાગ કરે, તેનો શું અર્થ છે. આદિ શંકરાચાર્યજી કહે છે :

> જ્યારે એક માટીનો ઘડો તૂટી જાય છે તો તેની અંદરનું આકાશ, બહારના અનંત આકાશ સાથે એક થઈ જાય છે. એ જ રીતે, જ્યારે બાહ્ય રૂપ વિલીન થઈ જાય છે ત્યારે બ્રહ્મને જાણનાર સ્વયં બ્રહ્મ જ બની જાય છે.[૧]

બડે બાબા આપણા જગતમાં વ્યાપ્ત પરમ ચિતિ સાથે એકાકાર હતા, છે અને હંમેશાં રહેશે. શરીર નશ્વર હોઈ શકે; પરંતુ ગુરુશક્તિ નહીં. એટલા માટે બડે બાબાની ઉપસ્થિતિ અને તેમના આશીર્વાદો પાંસઠ વર્ષ પછી આજે પણ આટલી જીવંતતાથી આપણી સાથે છે. (ભારતીય પરંપરામાં અને સિદ્ધયોગ પથ પર આપણે એક મહાત્માની પુણ્યતિથિનું સન્માન શા માટે કરીએ છીએ, એના વિશે વધુ જાણવા માટે હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે વેબસાઇટ પર આ વિષય પર પ્રકાશિત વ્યાખ્યા વાંચો જેનું શીર્ષક છે, 'પુણ્યતિથિ એક જન્મસિદ્ધના અવતરણનું સન્માન'.)

જ્યારે હું બડે બાબા વિશે વિચાર કરું છું, ખાસ કરીને તેમની પુણ્યતિથિના અવસર પર તો ઘણીવાર મારું મન ગુરુમાઈજીની સુંદર કવિતા તરફ આકર્ષિત થાય છે, જેનું શીર્ષક છે, 'એક મંદિર નિરાકાર'. આ કવિતામાં ગુરુમાઈજી કહે છે કે આ સમસ્ત બ્રહ્માંડ બડે બાબાનું મંદિર છે — અને એ પણ કહે છે કે ઉદાહરણ તરીકે, આપણે પ્રકૃતિના સૌંદર્યમાં બડે બાબાનાં દર્શન કરી શકીએ છીએ. ગુરુમાઈજી સમજાવે છે કે આવું કરવું "એ છે ખુલ્લી આંખે ધ્યાન કરવું."

મને યાદ છે કે જ્યારે મેં ગુરુમાઈજીની આ કવિતાને પહેલીવાર વાંચી હતી ત્યારે મને અત્યંત વિસ્મયનો અનુભવ થયો હતો. આ કવિતાએ બડે બાબા કોણ છે અને કોણ હતા એ વિશેની મારી સમજ તેમજ સિદ્ધયોગ ધ્યાન શું હોઈ શકે એ વિશેના મારા દૃષ્ટિકોણને વિસ્તૃત કરી દીધાં હતાં. આ એક એવો અભ્યાસ છે જેના માટે આપણે આપણા સંસારથી વિમુખ થવાની જરૂર નથી. આપણે આ જ સંસારમાં, સંસારની વચ્ચે રહીને ધ્યાન કરી શકીએ છીએ; વાસ્તવમાં, તેનાથી આપણા ધ્યાનના અભ્યાસને *પ્રેરણા* મળી શકે છે. ગુરુમાઈજી તેમની કવિતામાં પ્રકૃતિમાં નિહિત ઘણી બધી વસ્તુઓનાં અને માનવરચિત વસ્તુઓનાં પણ ઉદાહરણો આપે છે, જેના દ્વારા આપણે બડે બાબાની ઉપસ્થિતિ સાથે જોડાઈ શકીએ છીએ. આ બધી વસ્તુઓમાં આપણે એક આધારભૂત ચેતનાનો અનુભવ કરી શકીએ છીએ, એ જ શક્તિનો અનુભવ જેની આપણે ધ્યાનમાં ખોજ કરીએ છીએ અને જેની સાથે જોડાવાનો પ્રયત્ન કરીએ છીએ.

અલબત્ત, બની શકે કે સંસારને આ રીતે જોવા માટે થોડો પ્રયત્ન કરવો પડે. ધ્વનિમાં રહેલા મૌનને સાંભળવા માટે, પ્રવૃત્તિમાં નિહિત પ્રશાંતિને ઓળખવા માટે થોડો પ્રયત્ન કરવો પડે. તેથી, આપણે અત્યંત સૌભાગ્યશાળી છીએ કે સિદ્ધયોગ પથ પર, શ્રીગુરુએ આપણને એક પ્રત્યક્ષ સાધન પ્રદાન કર્યું છે જેના દ્વારા આપણે આ બોધ સુધી પહોંચી શકીએ છીએ. આપણને 'ૐ નમઃ શિવાય' મંત્ર પ્રદાન કરવામાં આવ્યો છે.

બડે બાબા તેમની પાસે જે જિજ્ઞાસુઓ આવતા, તેમને આ મંત્ર પ્રદાન કરતા. એ વાત તો સુપ્રસિદ્ધ છે કે બડે બાબા દ્વારા મંત્ર પ્રદાન કરવાથી બાબા મુક્તાનંદને શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ હતી. બડે બાબાએ શીખવ્યું કે મંત્રનાં અનેકાનેક ફળોમાંથી એક છે ઐક્યનો અનુભવ — એટલે કે પરમાત્મા સાથે ઐક્ય, શ્રીગુરુ સાથે ઐક્ય, વ્યક્તિનાં બાહ્ય જગત અને અંતર-જગત વચ્ચે ઐક્ય.

મંત્રજપ વિશે જે વાત મને સૌથી વધારે ગમે છે, તે એ છે કે આ એક એવો અભ્યાસ છે જેને આપણે વાસ્તવમાં કોઈપણ જગ્યાએ કરી શકીએ છીએ. અને ઘણીવાર એવું થાય છે કે જ્યારે હું મંત્રને *મારી સાથે* રાખું છું એટલે કે જ્યારે હું મારા રોજબરોજનાં કાર્યો કરતી વખતે તેને યાદ રાખું છું અને તેનો જપ કરું છું ત્યારે મને આ ઐક્યની અનુભૂતિ થાય છે જેના વિશે બડે બાબાએ કહ્યું છે. ઉદાહરણ તરીકે, મને વિચાર આવે છે કે ગુરુમાઈજીએ આપણને 'જપયાત્રા' એટલે કે ચાલતાં-ચાલતાં જપ કરવા માટે પ્રોત્સાહિત કર્યાં છે. એટલું જ નહીં તેમણે સિદ્ધયોગ પથની વેબસાઇટના માધ્યમથી *તેમની* સાથે જપયાત્રા કરવા માટે આપણને આમંત્રિત પણ કર્યાં છે! મેં જોયું છે કે જ્યારે હું ચાલતાં-ચાલતાં મૌનરૂપે મંત્રજપ કરું છું તો ધીમેધીમે મને એવું મહસૂસ થવા લાગે છે કે મંત્રનો ઉદ્‌ભવ દરેક જગ્યામાંથી થઈ રહ્યો છે *અને* ક્યાંયથી નથી થઈ રહ્યો. તે પવનમાં સરસરાટ કરતાં વૃક્ષોમાં છે. તે જળસપાટી પર નૃત્ય કરતાં સૂર્યનાં કિરણોમાં છે. તે મારા પગરવમાં છે અને મારા હૃદયના ધબકારમાં છે. તે મારી આસપાસનાં અગણિત રૂપાકારોમાં સ્વયંને પ્રગટ કરે છે.

આ વાત રાહત આપનારી છે — હે ને? — કે આપણી સાધના માત્ર એ વાત પર નિર્ભર નથી કરતી કે આપણું વાતાવરણ હંમેશાં અત્યંત સ્થિર અને શાંત હોય. ભારતીય શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આ જગતની ઉત્પત્તિ પણ નાદના સ્પંદનમાંથી થઈ છે, આદિનાદ 'ૐ'માંથી થઈ છે. હાલમાં, મને ગુરુમાઈજી પાસેથી જાણવા મળ્યું છે

કે જ્યારે ફૂલો ખીલે છે ત્યારે તે ધ્વનિનાં સ્પંદનો પ્રસરિત કરે છે. આ ધ્વનિની આવૃત્તિ એટલી સૂક્ષ્મ હોય છે કે આપણે તેને ફક્ત આપણા કાનોથી સાંભળી શકતાં નથી, તેમ છતાં એ હોય જ છે. કોઈક સ્તર પર એ ગુંજે છે. આ એક અદ્‌ભુત અને પ્રેરણાદાયી જ્ઞાન છે જેને આપણે ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિના આ અવસર પર આપણા મનમાં ધારણ કરી શકીએ છીએ, જ્યારે આપણે આપણા સંસારને જોઈને એ યાદ કરીએ કે આ બધું જ બડે બાબાનું ધામ છે, તેમનું મંદિર છે, નિરાકારને આપેલાં અસંખ્ય રૂપાકાર છે.

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[૧] વિવેકચૂડામણિ, શ્લોક ૫૬૫; અંગ્રેજી અનુવાદ © ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®.